ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબાર યાદી** Date : 09th February, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

.........................................................................., ભાવનગર.

## શનિવારે વહેલી પરોઢે જોવા મળશે 'છાયા ચંદ્રગ્રહણ'નો નજરો.

આ ઘટનાને નિહાળવા માટે લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તખ્તેશ્વર મંદિર ખાતે ટેલીસ્કોપની વ્યવસ્થા કરવામાં આવશે.

'ગ્રહણને સમજો અને નિહાળો' વર્કશોપ તા.૧૦/૦૨/૨૦૧૭ સાંજે ૫ કલાક થી ૮ :૦૦ કલાક દરમ્યાન લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાશે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત અને કલ્યાણ ફાઉન્ડેશન, ભાવનગર પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાન સાથે જોડાયેલી અનેક અંધશ્રદ્ધાની પાછળ રહેલ વૈજ્ઞાનિક તથ્યો સમાજ ઉપયોગી બનાવવાના હેતુથી છેલ્લા ૧૪ વર્ષથી કાર્યરત છે.

આગામી તા. ૧૧/૦૨/૨૦૧૭ના રોજ આવી જ એક ખગોળીય ઘટના 'છાયા ચંદ્રગ્રહણ' બનવા જઈ રહી છે. આ ઘટના સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર સીધી રેખામાં આવે ત્યારે સર્જાય છે. આ સ્થિતિ પુનમના દિવસે જ થાય છે. પરંતુ દરેક પૂનમે ગ્રહણ સર્જાતું નથી કારણ કે પૃથ્વી સૂર્ય ફરતે અને ચંદ્ર પૃથ્વી ફરતે પરિભ્રમણ કરે છે જેને કરને આ સીધી રેખામાં અવાવની પરિસ્થિતિ ક્યારેક જ થવા પામે છે. તા. ૧૧ ફેબ્રુઅરી, ૨૦૧૭ના વહેલી સવારે ૪ :૦૨ વાગ્યા થી ૮ : ૧૫ કલાક દરમ્યાન આ ઘટના જોવા મળશે. જયારે સવારના ૬ :૧૪ કલાકે મહત્તમ ગ્રહણનો ભાગ જોવા મળશે. ગ્રહણ દરમ્યાન ચંદ્ર કર્ક રાશિમાં અને આશ્લેષા નક્ષત્રમાં હશે. આ ગ્રહણ એશિયા ખંડના મોટાભાગના દેશોમાં નારી આખે જોવા મળશે.

ઉપરોક્ત થનાર ગ્રહને વૈજ્ઞાનિક ઢબથી સમજવા માટે લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર સંચાલિત **ભાવનગર એસ્ટ્રોનોમી કલબ (BAC)** દ્વારા 'ગ્રહણને સમજો અને નિહાળો' વર્કશોપ તા.૧૦/૦૨/૨૦૧૭ને શુક્રવારના રોજ સાંજે ૫ કલાક થી ૮ :૦૦ કલાક દરમ્યાન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્લોટ નં. ૨૨૦૬/એ, પંજાબ નેશનલ બેંક વાળી ગલી, સંસ્કાર મંડળ, ભાવનગર ખાતે યોજેલ છે. આ વર્કશોપમાં ડૉ. ઉમેશભાઈ ડોડીયા (પ્રોફેસર, સીર પી. પી. સાયન્સ કોલેજ, ભાવનગર), શહેરના જાણીતા ખગોળ પ્રેમી શ્રી સુભાષભાઈ મેહતા અને યુવા ખગોળપ્રેમી શ્રી જવલંતભાઈ યાજ્ઞિક પોતાના વિષયો પર ગ્રહણને લગતી બાબતો દ્રશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા રજુ કરશે.

ઉપરોક્ત વર્કશોપમાં રસ ધરાવતા ખગોળ પ્રેમી જનતાને દર્શાવેલ સમય અને સ્થળ પર હાજર રહેવા અનુરોધ છે. તા. ૧૧ ફેબ્રુઅરી, ૨૦૧૭ 'છાયા ચંદ્રગ્રહણ' વહેલી સવારે ૪ :૦૨ વાગ્યાથી ૮ : ૧૫ કલાક દરમ્યાન આ ઘટનાને ટેલીસ્કોપ દ્વારા નિહાળવા માટે લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તખ્તેશ્વર મંદિર ખાતે વ્યવસ્થા કરવામાં આવશે. જે વિગતો લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડની યાદીમાં જણાવેલ છે.

(હર્ષદ જોષી) ૯/૨/૧૭

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.